## ૧૦.૨.૮. ગ્રંથાલય વિભાગ અહેવાલ શૈ.વર્ષ : ૨૦૨૧-૨૨

કોલજ ગ્રંથાલયમાં કોલેજમાં ચાલતા અભ્યાસક્રમને લગતા પાઠ્યપુસ્તકો, જુદા જુદા વિષયના સંદર્ભ પુસ્તકો તેમજ જનરલ સંદર્ભ ગ્રંથો જેવા કે ડિક્શનરી, ગુજરાતી વિશ્વકોશ, ભગવદ્ગોમંડલ, પર્યાવરણ વિશ્વકોશ, નકશા વગેરે તથા સામાન્ય જ્ઞાન, સ્પર્ધાત્મક પરીક્ષા, ધર્મ અને વ્યક્તિત્વ વિકાસને લગતા પુસ્તકોનો સમૃધ્ધ ગ્રંથ સંગ્રહ ઉપલબ્ધ છે. ગ્રંથાલયમાં 17,000 થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. આ સંગ્રહમાં દર વર્ષે સતત વધારો થતો રહે છે. ૨૧ જેટલા સામયિક/મેગેઝિન તેમજ ગુજરાત મિત્ર, દિવ્ય ભાસ્કર, સંદેશ, દમણગંગા, ટાઈમ્સ ઓફ ઈન્ડિયા, ધ હિન્દુ અને નવભારત ટાઈમ્સ જેવા ન્યૂઝપેપર સબસ્ક્રાઇબ કરવામાં આવ્યા છે. સાથે કોલેજ ગ્રંથાલયમાં E-Books, E-Journals અને Database માટે INFLIBNET (Information and Library Network Centre, Gandhinagar) નો N-LIST પ્રોગ્રામ સબસ્ક્રાઇબ કરવામાં આવેલ છે. તેના એકસએસ/ઉપયોગ માટે અધ્યાપકો અને વિદ્યાર્થીઓને યુજર આઈડી અને પાસવર્ડ આપવામાં આવ્યા છે. જેના દ્વારા તેઓ E-Resources નો ઉપયોગ કોલેજની લાઇબ્રેરી, કોમ્પુટર લેબ કે પછી કોલેજ કેમ્પસ બહારથી પણ એક્સેસ કરી શકે છે. આ બધીજ ગ્રંથ સમૃદ્ધિનો વિદ્યાર્થીઓ તેમની શૈક્ષણિક જરૂરિયાત, સામાન્ય જ્ઞાન તથા વ્યક્તિત્વ વિકાસ માટે, અધ્યાપકો તેમની શૈક્ષણિક જરૂરિયાત તેમજ સંશોધન માટે અને વહીવટી કર્મચારીઓ પણ તેમની જરૂરિયાત મુજબ ગ્રંથાલયનો ઉપયોગ કરે છે. અધ્યાપકો અને વિદ્યાર્થીઓ નિયમિત રીતે આ લાઇબ્રેરીનો ઉપયોગ કરે છે. તેઓને તેમની જરૂરિયાતની વાંચન સામગ્રી ઇસ્યુ કરવામાં આવે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨માં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને પુસ્તક/પાઠ્ય સામગ્રીની આપ-લે કરવામાં આવેલ છે. કોલેજ ગ્રંથાલયમાં વિવિધ સર્વિસ જેવી કે ડોક્યુમેન્ટસ સરયુલેશન, રેફરન્સ સર્વિસ, કરંટ અવેરનેશ સર્વિસ, કોમ્પ્યુટરાઈઝ ઈન્ફર્મેશન સર્વિસ, ડોક્યુમેન્ટ ડિલિવરી સર્વિસ, રિપ્રોગ્રાફીક/પ્રિન્ટ, રેફરલ સર્વિસ, યુઝર ઓરીએન્ટેશન એંડ એઝયુકેશન, રિમોટ લોગિન સર્વિસ થ્રુ આઈ પ્રોક્સી અને સ્પર્ધાત્મક પરીક્ષા કોર્નર વગેરે દ્વારા વિદ્યાર્થીઓ, શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફ સતત તેમના ફિલ્ડ માં અપડેટ રહે અને તેમના જ્ઞાનમાં સતત વધારો કરતાં રહે સાથે તેમના વાંચન કૌશલ્ય/રીડિંગ હેબિટનો વિકાસ થાય તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે.

**ગ્રંથાલય એક્સટેન્શન પ્રવૃતિ** :

ગ્રંથાલય વિભાગ દ્વારા 12 મી ઓગસ્ટ પદ્મશ્રી ડૉ. એસ. આર. રંગાનાથનની જન્મ જયંતી નિમિત્તે લાઇબ્રેરિયન્સ ડે.ની ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગ્રંથપાલશ્રી વિષ્ણુંભાઇ પઢિયાર દ્વારા ડો. રંગનાથનનું ગ્રંથાલય ક્ષેત્રે પ્રદાન અને  વિદ્યાર્થીઓ તેમજ ગ્રંથાલયના યુઝર્સ માટે લાઇબ્રેરી સર્વિસ કેટલી અસરકારક બનાવી શકાય તે અંગે માહિતગાર કરાયા હતા. પ્રા. ધર્મરાજ ટેંભરે દ્વારા પ્રસંગોચિત ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. અને વિદ્યાર્થીઓને લાઇબ્રેરીનો વધુ વધુ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.


સંસ્કૃત સપ્તાહની ઉજવણી પ્રસંગે સંસ્કૃત વિષયના પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું તેમાં ૭૯ વિદ્યાર્થીઓ અને ૫ જેટલા અધ્યાપકોએ ભાગ લઈ પુસ્તક પ્રદર્શન નિહાળી સંસ્કૃત વિષયના પુસ્તકોનો પરિચય મેળવ્યો હતો. જેમાં ૬૧ વિદ્યાર્થીઓ  અને ૧૩ અધ્યાપકોએ પ્રદર્શનનો લાભ લીધો હતો

પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ગ્રંથાલયમાં રિસોર્સિસનો ઉપયોગ કરવા માટે માહિતગાર થાય તે માટે શૈક્ષણિક વર્ષ તા. 20/09/2021 અને તા.26/10/2021ના રોજ ગ્રંથાલય વિભાગ દ્વારા પ્રથમ વર્ષ બી. એ./બી.કોમમાં પ્રવેશ લીધેલા વિદ્યાર્થીઓ માટે ગ્રંથાલય ઓરીએન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ગ્રંથાલયનો પરિચય આપવામાં આવ્યો હતો. ગ્રંથાલયમાં રહેલી વાંચન સામગ્રીને કેવી રીતે મેળાવવી, ઇ રિસોર્સિસને કેવી રીતે એક્સેસ  કરવા, ઇન્ટરનેટ પરથી જુદા જુદા પ્લેટફોર્મ જેવાકે CEC, SWAYAM, e-PG પાઠશાળા N-List e-resources વગેરે પરથી લર્નિંગ રિસોર્સિસ નો ઉપયોગ કેવી રીતે કરવો તેની વિસ્તૃત માહિતી ગ્રંથપાલ પ્રા. વિષ્ણુભાઈ પઢિયાર દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. એફ. વાય. બી. એ. ના 140 અને એફ. વાય. બી. કોમ. ના 17 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

તા. 28/08/2021ના રોજ “રાષ્ટ્રીય શાયર” શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મ જયંતી નિમિત્તે “કસુંબીનો રંગ” ઉત્સવની ઉજવણી પ્રસંગે “સાહિત્ય - પુસ્તક પરિચય” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 45 વિદ્યાર્થીઓએ અને અધ્યાપકોએ ભાગ લીધો હતો.

તા.12-01-2022 થી તા.15-01-2022 સુધી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે “રાષ્ટ્રીય યુવા દિવસ”ની ઉજવણીના ભાગ રૂપે પોસ્ટર અને પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૧ વિદ્યાર્થીઓ  અને ૧૩ અધ્યાપકોએ પ્રદર્શનનો લાભ લીધો હતો.

# 12 મી ઓગસ્ટ 2021ના રોજ “નેશનલ લાઇબ્રેરિયન્સ ડે”ની ઉજવણી




















તા.12-01-2022 થી તા.15-01-2022 સુધી સંસ્કૃત સપ્તાહની ઉજવણી નિમિત્તે સંસ્કૃત વિષયના પુસ્તકોના પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.














પુસ્તક પ્રદર્શન નિહાળતા આચાર્યશ્રી ડૉ. એસ. એમ. પટેલ સાહેબ, અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ

તા.12-01-2022 થી તા.15-01-2022 સુધી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે "રાષ્ટ્રીય યુવા દિવસ"ની ઉજવણીના ભાગ રૂપે પોસ્ટર અને પુસ્તક પ્રદર્શન













| શ્રી ઝવેરચંદ મેઘાણીની 125મી જન્મ જયંતી નિમિત્તે સાહિત્ય - પુસ્તક પરિચય કાર્યક્રમ - 28-8-2021 | |
|---|---|
|   |   |
|   |   |
|   |   |

તા.12-01-2022 થી તા.15-01-2022 સુધી સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે “રાષ્ટ્રીય યુવા દિવસ”ની ઉજવણીના ભાગ રૂપે પોસ્ટર અને પુસ્તક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.

























પુસ્તક અને પોસ્ટર પ્રદર્શન નિહાળતા આચાર્યશ્રી તથા શ્રી આશુતોષ શુક્લા, અધ્યાપકશ્રીઓ તેમજ વિદ્યાર્થીઓ

- ગ્રંથાલય સમિતિ

# ૧૧. કોલેજમાં થયેલ અન્ય પ્રવૃત્તિઓનાં અહેવાલ અને ફોટોગ્રાફ્સ

## ૧૧.૧. COVID-19ની મહામારીની તકેદારી અંગેની થયેલ પ્રવૃતિઓનો ૨૦૨૧-૨૨

**કૉલેજમાં કોવિડ-૧૯નો તબક્કાવાર રસીકરણ કાર્યક્રમ**

**તા.૦૭/૦૮/૨૦૨૧ - પ્રથમ તબક્કાના રસીકરણ કેમ્પનું આયોજન**








સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, ખેરગામ ખાતે તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે સંસ્થાના આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રથમ તબક્કાના વેક્સીનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રથમ તબક્કામાં કૉલેજના ૭૦ વિદ્યાર્થીઓ તથા ૧૦ કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વેક્સીનેશનના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## તા.૨૬/૦૮/૨૦૨૧ ના રોજ રસીકરણ કાર્યક્રમ



કૉલેજમાં કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના પ્રમુખશ્રી અંકુરભાઈ શુક્લ તથા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબના સતત માર્ગદર્શન હેઠળ ખેરગામ આરોગ્ય શાખા (રેફરલ હોસ્પિટલ)ના ડૉ. કૌશલભાઈ પટેલ તથા તેમના સ્ટાફના સ્નેહભર્યા સહકારથી કૉલેજના તમામ વિદ્યાર્થીઓ આરોગ્યને કોવિડ-૧૯ સામે રક્ષણ મળે એ હેતુસર આ કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો.

## તા.૩૦/૦૯/૨૦૨૧ ના રોજ રસીકરણ કાર્યક્રમ








કૉલેજમાં કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીમંડળના પ્રમુખશ્રી અંકુરભાઈ શુક્લ તથા આચાર્યશ્રી ડૉ. એસ.એમ.પટેલ સાહેબના સતત માર્ગદર્શન હેઠળ ખેરગામ આરોગ્ય શાખા (રેફરલ હોસ્પિટલ)ની તબીબી ટીમના સ્નેહભર્યા સહકારથી કૉલેજના તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફગણ તથા અન્ય ગ્રામજનોના આરોગ્યને કોવિડ-૧૯ સામે રક્ષણ મળે એ હેતુસર આ કાર્યક્રમને સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યો.

## તા.૧૨/૦૧/૨૦૨૨ ના રોજ રસીકરણ કાર્યક્રમ








## તા.-૧૩/૦૧/૨૦૨૨ ના રોજ રસીકરણ કાર્યક્રમ




## તા.૨૪/૦૨/૨૦૨૨ ના રોજ રસીકરણ કાર્યક્રમ









## તા.૨૭/૦૨/૨૦૨૨ ના રોજ રસીકરણ કાર્યક્રમ





**કૉલેજમાં કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમમાં ઉપસ્થિત ખેરગામ તાલુકાના મામલતદારશ્રી સોલંકી સાહેબ અને નાયબ મામલતદાર તેજલબેન .**